પતંગમહોત્સવ દરમ્યાન પતંગબાજોએ ડાંગની સંસ્કૃતિની ઝલક પણ માણી હતી. અહીં ધવલીદોડના આદિવાસી યુવક મંડળે ડાંગનું વિખ્યાત ડાંગી નૃત્ય રજૂ કરી દેશીવિદેશી મહાનુભાવો, અને પ્રવાસીઓને ડોલાવ્યા હતા, તેમજ ચીંચલીના કાલિકા યુવક મંડળ દ્વારા અહીં પાવરી નૃત્ય, રજૂ કરવામાં આવી હતી.

ધોરડો ખાતે આજે સફેદ-રણમાં પતંગોત્સવ યોજાશે. અને ચૌદમી જાન્યુઆરી, ઉત્તરાયણના દિવસે અમદાવાદની પોળોમાં પરંપરાગત રીતે ધાબા અને મકાનોની



અગાશીઓ ઉપર પ્રવાસન નિગમ દ્વારા દેશ વિદેશના વિવિધ પતંગ રસિકો સાથે પતંગોત્સવ યોજાશે.

## આઈઆઈટી – નિવાસી કાર્યશાળા

આઈઆઈટી ગાંધીનગરના સેન્ટર ફોર ક્રીએટીવ લર્નીંગ દ્વારા ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનીકલ એજયુકેશનના સંયુકત ઉપક્રમે વર્ગખંડોમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જીનીયરીંગ અને ગણિતના પ્રોજેકટ આધારીત શિક્ષણ માટે દેશભરમાંથી આવેલા એન્જીનીયરીંગના પ્રાધ્યાપકો માટે પાંચ દિવસીય નિવાસી કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ આઠ જાન્યુઆરી થી શરૂ થયેલી આ કાર્યશાળાનું સમાપન આજે થશે. આ કાર્યશાળામાં ભાગ લેવા ભારતભરમાંથી આવેલા વિવિધ એન્જીનીયરીંગ કોલેજના આશરે ત્રીસ પ્રાધ્યાપકો અને પ્રિન્સીપાલોએ વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે આ વિષયો શીખવાડવા માટેની પધ્ધતિઓ પ્રેકટીકલ મોડેલ્સ બનાવીને શીખી હતી.

## રાજેન્દ્ર ત્રિવેદી

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ વડોદરા કાતે સયાજીરાવ મહારાજ સ્થાપિત યુનિવર્સિટીના પ્રાંગણમાં સરદાર પ્રતિમાનું, વિશ્વવિદ્યાલયના કુલમાતા અને રાજમાતા શુભાંગિનીદેવી ગાયકવાડની ઉપસ્થિતિમાં અનાવરણ કર્યુ હતુ. આ સરદાર પ્રતિમા રાજય સરકાર દ્વારા આપવામાં આવી છે એ ઉલ્લેખનીય છે.

વિધાનસભા અધ્યક્ષશ્રીએ સયાજીરાવ મહારાજ અને સરદાર સાહેબને વિશ્વમાં બેજોડ રાષ્ટ્રપુરુષ ગણાયા હતા. તેમજ શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને સરદાર અને સયાજી વારસો અનુસરવાની પ્રેરણા મળે એવા આયોજનો કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે સરદાર સાહેબના મૂલ્યો અપનાવી દેશને એક અને અખંડિત રાખવા અનુરોધ કર્યો હતો.

ટેકનીકલ શિક્ષણ કમિશનર શ્રીમતી અવંતિકા સિંઘે ગઈકાલે આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે વિકસાવાયેલા ખાસ કોર્સ ફાઈન્ડીંગ લીડર ઈન યુ – ફલાય પ્રોગ્રામની ઝલક આપતા કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતભરની વિવિધ એન્જીનિયરીંગ કોલેજના આશરે ૮૦



જેટલા આચાર્યોએ ભાગ લઈને વિદ્યાર્થીઓના મહત્તમ વિકાસ માટે મદદરૂપ આ કાર્યક્રમની માહિતી મેળવી હતી.

---

મહીસાગર જિલ્લાનાબાલાસીનોર તાલુકાનું કોતરબોર ગામ બોરના ઉત્પાદન અને વેચાણ માટે ખ્યાતિ ધરાવે છે. મહીસાગર નદીના કોતરો અને તેને કિનારે આવેલા ગામમાં અસંખ્ય બોરડીઓમાં મીઠા, મધુરા બોર ઉત્પાદિત થાય છે.

કોતરબોરગામમાં દરેક ઘરની બહાર બોરના ઢગલા જોવા મળે છે. ઉતરાયણપર્વના બે દિવસ અગાઉથી બોરની સિઝન શરૂ થાય છે. અંદાજે દસથી બાર હજાર બોરી બોર કોતરબોર ગામે બે માસની સીઝન દરમિયાન ઉત્પાદન થાય છે. અમદાવાદ, મહેમદાવાદ, સુરત સહિતના અન્ય બજારોમાં અહીંના દેશી ચમેલી બોરની ભારે માંગ જોવા મળી છે.

---

સુરતમાં ચાલતા ગુજરાતી સાહિત્ય પરિષદના ત્રીસમા જ્ઞાન સત્રમાં મહાત્મા ગાંધીજીના અલભ્ય અને અદેય પુસ્તકોના ખાસ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

સુરત શહેરની એમ.ટી.બી. કોલેજ ખાતે આ પ્રદર્શન યોજાયું છે. જેમાં ગાંધીજીના હસ્તાક્ષરવાળું હિન્દ સ્વરાજ, મહાત્મા ગાંધીના કેટલાંક અલભ્ય ફોટાઓ, નવજીવન સાથેની તેમની યાત્રા તેમજ ગાંધીજીને સત્ય અને પ્રામાણિકતાના પાઠ શીખવાડનાર તેમના દાદા, પિતા, માતાની વાતો પણ પ્રદર્શનમાં જોવાશે.